રાહુલ ગાંધીના ટોપ ટેન સામે નરેન્દ્ર મોદીના ટોપ ટેન...

રાજકીય નેતાઓની છબીને રાષ્ટ્રીય લેવલે ઉપસાવવામાં કોણ કરે છે : અત્યંત હાઈટેક પ્રચાર ઝૂંબેશમાં ગળાડૂબ નિષ્ણાંતો સતત બદલાતા રહે છે

હિન્દુસ્તાનના રાજકારણમાં અત્યંત હાઈટેક -ચાર જેનો થવાનો છે તે ૨૦૧૪માં લોકસભાની ચૂંટણીને હજી પાંચ મહિનાની વાર છે છતાં જાણે કે ભારતમાં રાજકીય હવામાન તેજ બન્યું હોય તેમ ચૂંટણી -ચાર ચાલી રહ્યો છે. સોશ્યલ મિડીયાને સાથે રાખવાની હોડ જામી છે, કારણ કે ભારતનું યુવાધન આ ચૂંટણીમાં ખૂબ નિર્ણાયક સાબિત થવાનું છે.

કહેવાય છે કે કોઈપણ રાજકીય નેતાને ગોડફાધર હોય છે તેમ તેમની છબીને ઉપસાવવામાં બીજા કેટલાક એવા નામ હોય છે કે જેઓ માત્ર પડદા પાછળ કામ કરે છે. શોલે ફિલ્મમાં આપણને અમિતાભ બચ્ચન, ધર્મેન્દ્ર અને સંજીવકુમાર યાદ છે પરંતું ફિલ્મની સ્ક્રીપ્ટ, ડાયલોગ્સ અને શૂટીંગના દ્રશ્યો ઝીલનારના નામ યાદ નથી. આ ફિલ્મનું એવા ટેકનોક્રેટ્સ દ્વારા સિંચન કરવામાં આવ્યું છે જેઓ ક્યારેય

-કાશમાં આવ્યા નથી. એવું જ રાજકારણમાં છે. રાજકીય નેતાને ન્ેજેક્ટ કરનારા કેટલાક ન્ેવ્યુસર અને ડિરેક્ટરો પડદા પાછળના કસબી છે, જેમને તેમના -ચારની કોઈ મહેચ્છા નથી...

રાજકીય નેતાઓને તેમના એડવાઈઝર અને ટેકનોક્રેટ્સ મોટા કરે છે. નવી ટેકનોલોજીનો ઉપયોગ કરતાં શિખવાડે છે. દેશના બે ટોચના નેતાઓ- કોંગ્રેસના વાઈસ ન્ેસિડેન્ટ રાહુલ ગાંધી અને ગુજરાતના મુખ્યમંત્રી તેમજ ભાજપના વડા-ધાનના ઉમેદવાર નરેન્દ્ર મોદી માટે પડદા પાછળ કઈ હસ્તીઓ કામ કરે છે જે જાણવું રસ-દ બની રહેશે. જો કે સમયાંતરે આ ટીમમાં બદલાવ આવતો હોય છે.

ટાઈમ લાઈન
- ગૌતમ પુરોહિત

રાહુલ ગાંધીના સાથીદારો
.....

૧. કનિષ્કા સિંધ - રાહુલ ગાંધીના કાન અને આંખ છે. એસ.કે.સિંધ કે જઓ ફોરેન સેક્રેટરી અને રાજસ્થાનના ગવર્નર હતા તેમના એમબીએ પુત્ર છે. વોલસ્ટ્રીટમાં તેઓએ ઈન્વેસ્ટમેન્ટ બેન્કરથી કારકિર્દી શરૂ કરી હતી. તેમણે વર્લ્ડબેન્કમાં પણ કામ કર્યું છે. ૨૦૦૩માં તેઓએ પોલિટીક્સમાં ઝંપલાવ્યું છે.દિલ્હીના મુખ્યમંત્રી શિલા દિક્ષીતના તેઓ સ્ટેટેજીક ટીમ લિડર હતા.

૨.સચિન રાવ - મિશિગન બિઝનેસ સ્કૂલમાંથી તેમણે એમબીએ કર્યુ છે. યુથ કોંગ્રેસના તેઓ -ાઈમ લિડર છે. તેઓ સારૂં ઈન્ટરનલ એસેસમેન્ટ અને એનાલિસીસી કરી શકે છે.

● અનુસંધાન પાના ૭ પર

ગરીમા પાર્કનો પારંભ : ગાંધીનગરના પ્રવેશ દ્વાર સમા ઘ-૦ વિસ્તારમાં ટી.સી.એસ.ના ગરીમા પાર્કનું ઉદ્ઘાટન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ્હસ્તે શનિવારે બપોરે થયું હતું. આ પ્રસંગે ટાટા ગ્રુપના ચેરમેન શ્રી સાયરસ મિસ્ત્રી અને ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ગાંધીનગરના વિકાસનું નવું નજરાણું એટલે ગરીમા પાર્ક... જે નગરની આવતીકાલની ભવ્યતા નિર્માણ કરશે. (તસવીર : દીપક જાની)

સર્વ સમાવેશક વિકાસ થકી સામાજિક સમરસતાનું અભિયાન છેડાયું છે : આનંદીબેન

કલોલ, તા. ૧૬

સર્વ સમાવેશક વિકાસ થકી સામાજિક સમરસતાનું અનોખુ અભિયાન ગુજરાતે છેડી દેશની રાજનીતિનું નવું નજરાણું ભેટ ધર્યું છે તે સરકારનો હું હિસ્સો છું તેનું મને ગૌરવ છે તેમ રાજ્યના માર્ગ-મકાન શહેરી વિકાસ અને મહેસુલ મંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલે આજે કલોલમાં જણાવ્યું હતું.

રૂ. ૫૩ કરોડના વિકાસ કામોના શિલાન્યાસ પ્રસંગે બોલતાં તેમણે કહ્યું કે સંતુલિત વિકાસ અને એ પણ ચોક્કસ સમય મર્યાદા સાથે તે આ વિકાસની આગવી ઓળખ છે. તેમણે જણાવ્યું કે વિકાસ માત્ર ભૌતિક નહિ પણ જીવન ધોરણ સુધારે અને સુખાકારી સૌને મળે તેને જ કહેવાય.

શ્રીમતિ આનંદીબેને કહ્યું કે તેમની સરકારે વિકાસ માટે વિવાદ કર્યો નથી પણ કેટલાક વિરોધીઓને વિકાસ કણાની જેમ ખૂંચે છે એટલે ભ્રષ્ટાચાર નામે વાતો કરી લોકોને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરે છે પરંતુ જનમતે તેવા લોકોને ત્રણ-ત્રણ વખત ફગાવી દીધા પછી પણ કાગારોળ કરી રહ્યા છે.

શ્રીમતિ પટેલે જણાવ્યું હતું કે કલોલની સ્થાપનાનો ઈતિહાસ અનોખો છે. શૂરવીરતા સાથે સંકળાયેલ કલોજી ચાવડાની સ્મૃતિમાં વસેલા આ નગરે એક આગવી

ઓળખ પ્રાપ્ત કરી છે. તેમણે જણાવ્યું હતું કે આજે મને એ વાતનો આનંદ છે નવેમ્બરમાં રચના પામેલ આ નગરમાં વિકાસના કામોનો પાયો પણ નવેમ્બરમાં જ નંખાઈ રહ્યો છે.

આ પ્રસંગે ઔડાના ચેરમેન શ્રી ધર્મેન્દ્ર શાહે પણ પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું. આ સમારોહમાં સાંસદ જયશ્રીબેન પટેલ, નગર સેવકો તેમજ અધિકારીઓ અને પ્રજાજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ખૂણે... ...ખાંચરેથી

- આજથી ગાંધીનગર ટાઉનહોલ ખાતે કલ્ચરલ ફોરમ દ્વારા મુંબઈમાં ખુબજ વખણાયેલ નાટક ''ગરવી ગુજરાતણે રંગ રાખ્યો''ના ૮ શો સળંગ ૮ દિવસ માટે યોજાશે.
- એડવોકેટ ક્લબ દ્વારા શનિવારે સાંજે જાણીતા હાસ્ય કલાકાર જગદીશ ત્રિવેદીનો હાસ્ય દરબાર બલરામભવન ખાતે યોજાયો હતો.
- ગાંધીનગર ભાજપ મહિલા મોરચાના પૂર્વ પ્રમુખ ભારતીબેન શુકલની નાગરિક પુરવઠા નિગમના ડિરેક્ટર તરીકે નિમણુંક કરવામાં આવી છે.
- સોમવારે ભાજપના ચૂંટણી ડેટા સેલની મહત્વની બેઠક ભાજપના પ્રદેશ કાર્યાલય ખાતે મળશે.
- બે પૂર્વ ધારાસભ્યો વસંતભાઈ ભટોળ અને ઉદેસિંહ બારિયાની એગ્રો કોર્પોરેશનમાં ડિરેક્ટર તરીકે નિમણુંક થઈ છે.
- આજે ''પ્રેસ-ડે''ની ઉજવણી કરવામાં આવી હતી.
- આજે સંકલન સમિતિની બેઠક જમીન સુધારણાના ડે. કલેક્ટર શ્રી ગુણવંતસિંહ સોલંકીના અધ્યક્ષસ્થાને મળી હતી.

નૂતન વર્ષાભિનંદન....
ગાંધીનગર સમાચારમાં આપની જાહેરખબર અને સમાચાર આપવા સંપર્ક કરો.
મો. : ૯૯૨૫૭ ૯૯૭૦૩
ફોન : (૦૨૭૭૭) ૨૪૭૧૯૫
જનકભાઈ બી. રાવલ - પ્રતિનિધિ

સોમનાથ મહાદેવ મંદિર યુવક મંડળ અને બ્રહ્મપુરી, બ્રહ્મસમાજના જ્ઞાતિબંધુઓ
સર્વેને નવા વર્ષના નૂતન વર્ષાભિનંદન પાઠવે છે.
મુ. પો. હડોલ, તા. સતલાસણ, જી. મહેસાણા

પરમ કૃપાળુ પરમાત્મા આપ સૌના જીવનમાં સુખ-શાંતિ અને સમૃદ્ધિ અર્પે તેવી પ્રાર્થના સહ...
નૂતન વર્ષાભિનંદન
અંબિકા
લિંભોઈ
સ્વ. મહારાજ ભીખાભાઈ એમ.
કણ્વનાથ મહાદેવ મંદિર પાસે, તાલુકો - ઈડર, જીલ્લો - સાબરકાંઠા

નૂતન વર્ષનો પ્રત્યેક દિન આપ સૌના માટે સુખ, શાંતિ અને સમૃદ્ધિમય બને તેવી મા-દશામાને પ્રાર્થના સહ...
નૂતન વર્ષાભિનંદન
શ્રી બુટિયા દશા માતાજી મંદિર
ભક્તશ્રી દિવાબેન પૂંજીરામ પટેલ
ફોન : ૦૨૭૭૮-૨૩૧૪૬૫

સંસ્થાના વિકાસમાં દાન આપનાર દાતાશ્રીઓ તેમજ પ્રત્યક્ષ-પરોક્ષ રીતે સાથ સહકાર આપનાર સર્વ શુભેચ્છકોને નવા વર્ષના
નૂતન વર્ષાભિનંદન....
કે. એમ. પટેલ હાઈસ્કૂલ
મુ. પો. ગુલાબપુરા, તા. ઈડર, જી. સાબરકાંઠા
ફોન નં. : ૦૨૭૭૮ - ૨૪૭૨૫૯
શ્રી ઈશ્વરભાઈ એસ. પટેલ - આચાર્ય
કેળવણી મંડળ પ્રમુખશ્રી તથા મંત્રીશ્રી
કારોબારી સભ્યો અને શાળા પરિવાર

વિશ્વનાથ દાદા આપ સૌના જીવનમાં દેવદિવાળીના પર્વથી સ્વર્ગિય ઉજાસ પ્રસરાવે તેવી પ્રાર્થના સહ....
શાસ્ત્રી
જનકભાઈ
ભીખાભાઈ
મુ. પો. ઉમેદપુરા તા. ઈડર, જી. સાબરકાંઠા
ફોન નં. : ૦૨૭૭૮ - ૨૪૭૧૯૫

નૂતન વર્ષ સર્વ ભક્તો માટે શુભ-લાભ આપનાર નિવડે તેવી ગોગ મહારાજ માતાજીને પ્રાર્થના સહ...
નૂતન વર્ષાભિનંદન....
ભગત શામળદાસ
ઉમેદપુરા, ગોગ મહારાજ તથા માતાજી મંદિર
તાલુકો - ઈડર, જિલ્લો : સાબરકાંઠા
ફોન : ૦૨૭૭૮ - ૨૪૭૩૫૪

અમારી શૈક્ષણિક ક્ષેત્રેની દિવાસમી જ્યોતને વધુ પ્રજ્વલિત કરવા દાન આપનાર દાતાશ્રીઓ, તેમજ પ્રત્યક્ષ - પરોક્ષ રીતે સહકાર આરનાર સર્વ શુભેચ્છકોને
નૂતન વર્ષાભિનંદન
શ્રી એચ. આર. ગારડી વિદ્યાલય
ઉમેદપુરા, તા. ઈડર, જી. સાબરકાંઠા
ફોન નં. : ૦૨૭૭૮ - ૨૪૭૨૮૩
પ્રમુખ મંત્રી આચાર્ય
સર્વ કારોબારી સભ્યો તથા શાળા પરિવાર

હડોલ વીર દુસકાબાવજી મંદિર
તથા ભેજનાર અલખધુણી મંદિરના દરેક ભાવિક ભક્તોને
નૂતન વર્ષાભિનંદન
મુ. પો. હડોલ, તા. સતલાસણ, જી. મહેસાણા

નૂતન વર્ષનો પ્રત્યેક દિન આપ સૌના જીવનમાં પ્રેમનો પરિમલ પ્રસરાવે તેવી શુભકામનાઓ
વીરમહારાજ
ચોરીવાડ ગામ પાસે, તા. વડાલી, જી. સાબરકાંઠા
સેવક : વીરાભાઈ ભગત

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com